SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# મનોજ ખંડેરિયાની ગઝલમાં 'સમય'નું સંવેદન

*ડૉ. રામભાઈ રામ*

ગુજરાતી કવિઓમાં મનોજ ખંડેરિયા આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. પ્રમાણમાં તે ઓછું લખે છે પણ જે લખે છે તે નક્કર લખે છે. તેમની પાસેથી 'અચાનક' (૧૯૭૦),'અટકળ'(૧૯૭૯) અને 'હસ્તપ્રત' (૧૯૯૧) અને 'અંજની'(૧૯૯૧) જેવાં સંગ્રહો મળે છે. મનોજ ખંડેરિયાએ ગીત પણ લખ્યા છે અને અછાંદસ કાવ્યો પણ,છતાંય ગુજરાતી કવિતામાં એ જુદાં તરી આવે છે. તેમની ગઝલને કારણે. કવિશ્રી મનોજ ખંડેરિયા ગુજરાતી ગઝલનું મોટું નામ છે. આધુનિક કાળમાં પ્રયોગખોરીની વચ્ચે ગઝલની અસલિયતને ખોયા વિના લખનાર એ અનોખા કવિ છે. અહીં એમના સમય–સંવેદનના લેખા–જોખા કરવા છે.

શબ્દની માફક સમય પણ કવિનો આકર્ષણનો વિષય છે. 'અચાનક' અટકળ અને 'હસ્તપ્રત' થી ગઝલોમાં 'સમય' વિશેનાં પણ ઘણાં શેર મળે છે. આધુનિક સમયની દોડધામ અને કાળનાં સંદર્ભમાં પ્રણયની શું સ્થિતિ હશે,અહીં હાથમાં મેદીનો રંગ કેવો આવશે તેને ભાષા અને ભાવની સાદગી દ્વારા આ રીતે અભિવ્યકત કરે છે :

"કેવોક રંગ આવશે,એવા વિચારમાં,
મેંદી મૂકેલ હાથને જોયા કરે સમય."
(અચાનક પૃ. ૪૭)

આમ, અહીં ગૃહજીવનની એક મંગળ મધૂર ક્ષણનો સમયનાં સંદર્ભે કવિ વિનિયોગ કરે છે. સમયનો બંધ તૂટતો તણખલું છલકાય અને ઝરણાંની જેમ ખળખળાટ સાથે તણખલું વહી જાય તો સમયનો કાંઠો અચાનક તૂટી જાય તો સમયનાં જળમાં હવા પણ ડૂબી જાય એવી કલ્પનાં પણ કવિની છે :

"હવા પણ ડૂબી જાય ભરપૂર જળમાં,
સમયનો અચાનક તૂટી જાય કાંઠો."
(અચાનક પૃ.૩૬)

મોજાનાં ઠેલાથી ફીણ પ્હોળા પટ પર ફેલાઈ જાય તેમ કવિ સમયના જળમાં હવા પણ ડૂબી જાય એવી કલ્પના કરે છે.

"હવા પણ ડૂબી જાય ભરપૂર જળમાં,
સમયનો અચાનક તૂટી જાય કાંઠો"
(અચાનક પૃ.૩૬)

મોજાનાં ઠેલાથી ફીણ પ્હોળા પટ પર ફેલાઈ જાય તેમ કવિ, સમયનાં પટ પર ફીણને પથરાતા જુએ છે, સમયને રણ તરીકે કલ્પે છે. કેટકેટલાં પગલાં તો રોકાઈ ગયા છે અને પગરવ–અવાજ પણ બળી જાય તેમ કહે છે તો સમયને ઊંટ તરીકે ઓળખાવી ને રણ હવે કયારેય પૂરું થશે તે પ્રશ્ન પણ કરે છે :

"સમયના હવે ઊંટ હાંફી ગયા છે,
કહો કયાં સ્થળે આ પૂરી થાય રીતી ?
(અચાનક પૃ.૫૨)

અનુભવી શકતા એવા સમયને આંગળી ચીંધીને ઓળખી કેમ શકાય ? ગોફણમાં પથ્થરને વીંઝાતા તો આપણે જોયો

છે પણ કવિ અહીં સમયની ગોફણમાં ખેતરને વીંઝવાની નિરાળી વાત કરે છે.સમય પૂરો થવાની વાત કરીને દ્વાર ખૂલવાની વાત કરે છે. ઘંટ વાગવાની વાત કરે છે. આ દ્વારા એ કોઈનાં હૃદયમાં પણ હોઈ શકે એમ રહીને ચાલવાનું પણ કહે છે.વીજળીના તાર પર હારબંધ બેઠેલાં પારેવાં એ પોતાની ચાંચમાં સમયને બંધ કર્યો છે. એવી મનોહર કલ્પના પણ આ કવિ કરે છે.

"સાંજે સમયને ચાંચમાં લઈ હારબંધ ચૂપ,
પારેવાં બેસી જાય છે,વીજળીના તાર પર"
(અચાનક પૃ.૩૫)

સમયને કાચબાની પીઠ જેવો કઠણ કહે છે એને કંઈ જ અસર નથી કરતું એમ કહીને સમયની રુક્ષતા અને જડતા તરફ પણ અંગૂલિ નિર્દેશ કર્યો છે :

"સમય કાચબાની પીઠ શો,
કે એને અસર કૈં કરે છે જ કયાં"
(અચાનક પૃ.૭)

ઘડિયાળના કાંટા ઉપર માથું ટેકવીને 'સમય' આખી રાત જાગે છે. એવી કલ્પના કરીને,એક પણ મટકું માર્યા વિના આખી રાત જાગતા સમયને પણ કવિ શબ્દસ્થ કરે છે :

"ટેકવી કાંટા ઉપર મસ્તક સમય,
રાતભર જાગ્યા કરે ઘડિયાળમાં"
(અચાનક પૃ.૨૬)

કવિને પ્રશ્ન છે કે ભાષાની ઢાલ લઈને આપણે કયાં સુધી લડીશું ? સામે સમય જેવો ધરખમ યોધ્ધો ઊભો છે એમ કહી, સમયની અડીખમતાને આલેખે છે :

"ધરી ઢાલ ભાષાની કયાં લગ લડીશું ?
સમય જેવો ધરખમ ઊભો સામે બંદી"
(અટકળ પૃ.૩૮)

સમયની શકિત અમર્યાદિત છે. ધારે એને અને ધારે ત્યારે માત કરી દેતો સમય જાણે કે પોલાદી બાહુપાશ ધરાવતો યોધ્ધો છે. સમયનાં આવાં સામાર્થ્યને કવિ સ્વીકારે છે. તો વળી એક શેરમાં મારા ચરણ પીગળી રહયાં છે. હું કયાંથી મારા કદમ મેળવી શકું ? એવો પ્રશ્ન કરી સમયની સાથે ભળવામાં મને ઘણી તકલીફ પ્હોંચી છે.એમ પણ કહે છે(અટકળ પૃ. ૬૧), તો સમય થડની જેમ ઊભો છે એમ કહી,સમયની સ્થિરતા કે અડગતા ને વ્યકત કરે છે :

"ડાળ બટકતી જોયા કરીએ
સમય ઊભો છે થડની માફક"
(અટકળ પૃ.૪૭)

તો વળી એક સ્થળે સમયને કાચબાની ઢાલની ઉપમાં આથી 'સમય'ની નિષ્ઠુરતા કે જડતાને પણ કલ્પે છે :

"આ સમય કાચબાની ઢાલ પર,
કંપ જેવું તો કદી એકવાર દે."
(અટકળ પૃ.૮)

કયાંક સમયને સઘન ઝાડી કહી અને આ ઝાડીમાં સમજણ ઉપર કોણ છાયો મારે છે એમ કહે છે.(અટકળ પૃ.૫), તો કયાંક કવિ દુર્ભાગ્યની વાત કરતાં કહે છે કે,સમયની રમત પણ સર્પ–સીડી જેવી છે અને તેમાં અંતિમ તબક્કે ફેણ મળે છે અને કયાંય નીચે સરકવું પડે છે એ વાતને આ રીતે વ્યકત કરે છે.

"મળી ફેણ દુર્ભાગ્યે અંતિમ તબક્કે,
સમયની રમત પણ હતી સર્પ–સીડી"
(અટકળ પૃ.૫૨)

અદ્દશ્ય એવાં સમયમાં સળ પાડવાની વાત કરે અને એ સળને સંકેલીને કોણ સરખી કરે એ વાત પણ કરે છે.તો સમયને છેતરામણો કહી એને શકુનિનાં પાસા સાથે સરખાવે છે અને તેથી જીતવાની આશા નથી એ વાત પુરાકલ્પન પ્રયોજીને પ્રગટ કરે છે :

"નથી જીતનો સૂર્ય ઊગવાની આશા,
અહીંનો સમય છે શકુનિનો પાસો"

(અટકળ પૃ.૩)

તો પોતાને હળવી હવાનું ઘરેણું કહી,સમયની સામે શરણાઈમાં મૂકવાની વાત કરે,હું શબ્દની શરણાઈમાં સમયની ફૂંક છું એમ કહે,કવિ પોતાનામાં કોઈનું પ્રતિબિંબ જોવા મળે છે. એમ કહીને પોતે સમયનાં અરીસાની તિરાડ છે એમ કહે તો સમયની બંધ મુઠ્ઠીમાં ઝળહળાટ જુએ છે અને એમાં ઝાકળ જેવું શું છે એ પ્રશ્ન પણ કરે છે

અવિરત પણે ચાલતાં રહેતાં સમય સાથે માણસે સમયને દશવર્તીને ચાલવું પડતું હોય છે. કવિ અહીં સમય સાથે કદમ નહીં મળવાની વાત કરીને ભૂતકાળને જ આપણે વાગોળતા રહીએ છીએ તેની વાત કરે છે :

"સમય સાથે કદમ કયારેય પણ મળશે નહીં મિત્રો,
વીતેલી બે'ક પળમાંથી અમે નીકળી નથી શકતા"

(હસ્તપ્રત પૃ. ૭૬)

એક શેરમાં કવિ સમયને વજ્ર જેવો કહે છે અન્યત્ર સમયને આવ–જાથી પર પણ કહયો છે. તો ટાપુની જેમ કવિ સમયની પ્રવાહીતાને જોવાની વાત પણ કહે છે :

"સમયનાં પ્રવાહીપણા પર ઊભો છું
હું ટાપું છું જાણે કે જળની વચોવચ"

(હસ્તપ્રત પૃ. ६४)

તો વળી ઘાસમાં પડેલ હળવું પગલું જેમ દ્દષ્ટિગોચર ન થાય એમ જ સમયનાં પ્રવાહમાં ખોવાઈ જવાની વાત કવિ મનોજ ખંડેરિયા આ રીતે પ્રસ્તુત કરે છે :

"કોઈનાં હળવાં પડયા પગલાં સમો,
હું સમયનાં ઘાસમાં ખોવાઈ જઉં"

(હસ્તપ્રત પૃ. ૫૩)

તો વળી કયાંક કવિ સમયને બરફના ટુકડાની જેમ ઓગળતો પણ કહે છે તો કયાંક કવિ શિલાલેખને સમયનાં હાથની રેખા કહે છે તે જુઓ :

"તળેટીના રસ્તે શિલાલેખ વાચ્યું
સમયના અકળ હાથની રેખવાચ્યું"

(હસ્તપ્રત પૃ. ૪૦)

સમયને માટી કહીને તેમાં શકયતાનાં ફૂલ ઊગાડવાની વાત પણ કરે છે,સમયની કેદમાં તો માણસે કેદ થવું પડે છે એમ કહે છે,તો તલવાર જેવાં તીક્ષ્ણ – ધારદાર સમયની ઊણપ કવિને અકળાવે પણ છે :

"તલવાર જેવો કયાં છે સમય ધારદારએ,
ખાલી લટકતું માત્ર રહ્યું મ્યાન કેડમાં"

(હસ્તપ્રત પૃ. ૫૯)

કયાંક અવિરત ચાલતાં સમયને કવિ ઊભેલો પણ જુએ છે,તો કયારેક માણસની ભ્રમણાની ડાળને સમય કાપતો હોય એવી કલ્પના પણ કરે છે.

આમ, અહીં 'અચાનક','અટકળ' અને 'હસ્તપ્રત' ની ગઝલોમાં કવિએ સમયનું જુદું જુદું આલેખન કર્યું છે.